અપીલ અરજી નં.૪૦૪ તા.૨૦–૩–૦૯

અરજદારઃ શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી,
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીભાઈની તા.૧૭–૨–૦૯ ની અરજીથી મુખ્ય પોલીસ અધિકારી અને નિયામક લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની કચેરી ગુજરાત રાજય અમદાવાદ પત્ર ક્રમાંક નં.પરચ/સુરત/૧૫/૧૭/૧૪૪૬ તા.૫–૬–૨૦૦૭ ના રોજ અગ્રસચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.વિભાગ, ગાંધીનગરને મોકલેલ તપાસ કામે જે સુરતને અગ્રસચિવશ્રીએ તા.૩૦–૬–૨૦૦૭ ક્રમાંક નં.સમન/૯૦૨૦૦૭/૨૯૮૩/પી પત્રથી શ.વિ.અને શ.ગૃ.વિભાગ, ગાંધીનગર ધ્વારા સુરત મ્યુ.કમિશ્નરશ્રીને તપાસ કરવા યોગ્ય કાર્યવાહી માટે મોકલાવેલ તે અરજદારની અરજીઓ તથા તપાસના કામે લીધેલ પુરાવા તથા થયેલ રીપોર્ટ તથા લીધેલ પગલાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૪ /૨૦૦૮–૦૯

શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીભાઈની તા.૧૭–૨–૦૯ ની અરજીથી મુખ્ય પોલીસ અધિકારી અને નિયામક લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની કચેરી ગુજરાત રાજય અમદાવાદ પત્ર ક્રમાંક નં.પરચ/સુરત/૧૫/૧૭/૧૪૪૬ તા.૫–૬–૨૦૦૭ ના રોજ અગ્રસચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.વિભાગ, ગાંધીનગરને મોકલેલ તપાસ કામે જે સુરતને અગ્રસચિવશ્રીએ તા.૩૦–૬–૨૦૦૭ ક્રમાંક નં.સમન/૯૦૨૦૦૭/૨૯૮૩/પી પત્રથી શ.વિ.અને શ.ગૃ.વિભાગ, ગાંધીનગર ધ્વારા સુરત મ્યુ.કમિશ્નરશ્રીને તપાસ કરવા યોગ્ય કાર્યવાહી માટે મોકલાવેલ તે અરજદારની અરજીઓ તથા તપાસના કામે લીધેલ પુરાવા તથા થયેલ રીપોર્ટ તથા લીધેલ પગલાની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પત્યુત્તર ન પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૧ તા.૨૫–૩–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.ટીપીડી/૨૭ તા.૨–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારે તા.૧૭–૨–૦૯ થી માંગવામાં આવેલી માહિતી મુખ્ય પોલીસ અધિકારી અને નિયામક લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની કચેરી ગુજરાત રાજય અમદાવાદ પત્ર ક્રમાંક નં.પરચ/સુરત/૧૫/૧૭/૧૪૪૬ તા.૫–૬–૨૦૦૭ ના રોજ અગ્રસચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.વિભાગ, ગાંધીનગરને મોકલેલ તપાસ કામે જે સુરતને અગ્રસચિવશ્રીએ તા.૩૦–૬–૨૦૦૭ ક્રમાંક નં.સમન/૯૦૨૦૦૭/૨૯૮૩/પી પત્રથી શ.વિ.અને શ.ગૃ.વિભાગ, ગાંધીનગર ધ્વારા સુરત મ્યુ.કમિશ્નરશ્રીને તપાસ કરવા યોગ્ય કાર્યવાહી માટે મોકલાવેલ. તેના પુરાવા અને પગલા તથા કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ. જે અરજદારને નિયત સમય મર્યાદામાં નહીં મળવાથી અપીલ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પૂરી પડાયેલી માહિતીમાં અરજદારને નં.ટીપીડી/આ.નં.૮૪૫૧ તા.૨૮–૩–૦૯ થી અરજદારને કાર્યવાહી અંગે લીધેલ પગલાની જાણ કરતો પત્ર પાઠવવામાં આવેલ છે. જે મુજબ અરજદારશ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈની તા.૫–૬–૦૭ ની રજૂઆત અન્વયે "સદર પ્રકરણે કમિશ્નરશ્રીને યોગ્ય થવા રીપોર્ટ કરેલ છે." તેવી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપ્યાનું જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં સદર પત્રની નકલ પુનઃ અરજદારને મોકલી આપવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટીપી) ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીપરમાર પુરૂષોત્તમ નાગજી